**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા,**
**સાઉથ ઝોન (ઉધના),**
ઉધના,સુરત
FAX : 91-0261-2272147
PHONE : 2278429-2277043

**નં. સા.ઝોન /ટેક/૩૮૨૦**
**તા.૨૪/૦૮/૨૦૨૬**

## –: ક્વોટેશન :–

**<u>વિષય</u>** :– અમૃત ૨.૦ અંતર્ગત સાઉથ ઝોન–એ(ઉધના)માં આવેલ સી.ઓ.પી. ૧૭ ખાતેના ગાર્ડનમાં બાગબા નિભાવ કામ "અમૃત મિત્ર" પાસે કરાવવા અંગેનું ભાવપત્રક.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે,સુરત મહાનગરપાલિકા ધ્વારા અમૃત ૨.૦ પ્રોજેકટ અંતર્ગત સાઉથ ઝોન–એ(ઉધના)માં આવેલ સી.ઓ.પી. ૧૭ ખાતેના ગાર્ડનમાં બાગબા નિભાવ કામ "અમૃત મિત્ર" પાસે કરાવવાના કામ માટે ક્વોટેશનના ભાવપત્રક મંગાવવામાં આવે છે.સદર કામે કરવાની થતી કામગીરી,શરતો અને બાનાની રકમની વિગતો નીચે મુજબ છે.જેથી સદર કામગીરી કરવા માટે આપશ્રી રસ ધરાવતા હોય તો નીચે જણાવેલ પત્રકમાં આપશ્રી ભાવો ભરી શરતમાં જણાવ્યા મુજબ સીલબંધ કવરમાં ભાવપત્રક મોકલવાના રહેશે.

| વિગત | દૈનિક "અમૃત મિત્ર"ની સંખ્યા | રકમ વિગત | પ્રતિ "અમૃત મિત્ર" માટે પ્રતિદિન વેતનની રકમ રૂા. |
|---|---|---|---|
| અમૃત ૨.૦ અંતર્ગત સાઉથ ઝોન–એ(ઉધના)માં આવેલ સી.ઓ.પી. ૧૭ ખાતેના ગાર્ડનમાં બાગબા નિભાવ કામ "અમૃત મિત્ર" પાસે કરાવવા અંગેનું ભાવપત્રક | ૦૪ | આંકડામાં | |
| | | શબ્દોમાં | |

શરતોઃ–

(૧)સ્વસહાય જુથ સદરહું કામગીરી માટે દૈનિક ૦૪(ચાર) મહિલા અમૃત મિત્ર ફાળવવાના રહેશે.રજાના દિવસો દરમિયાન પણ સદરહું કામગીરી કરવાની હોય,રોટેશન બેઝ પર જે તે અમૃત મિત્રને અઠવાડીક રજા આપવાની રહેશે.

(૨)બગીચામાં બેઠક વ્યવસ્થાના સ્થળે / ગઝેબામાં,વોક વે,પાર્કીંગ,લોન પ્લોટ,રમત ગમત વિસ્તાર સહિત સંપૂર્ણ બગીચામાં નિયમિત રોજેરોજ સાફસફાઈ કરવાની રહેશે.

(૩)બાગમાં નિયમિત દૈનિક સાફસફાઈ તેમજ રોપેલ રોપા,વૃક્ષ,લોન વિગેરેની દૈનિક નિભાવની કામગીરી નિયમિત કરવાની રહેશે.

(૪)બાગબાની નિભાવની કામગીરી માટે જરૂરી ગાર્ડન સાધનો જેવા કે,પાણીની પાઈપ,દાતરડું,પાવડો,ત્રિકમ,કુહાડી વિગેરે જરૂરી સાધનો તેમજ ખાતર,જંતુનાશક દવા વિગેરે જેવા ઈનપુટ સુ.મ.પા. ધ્વારા આપવામાં આવશે.

(૫)બાગમાં આવેલ ટોઈલેટ બ્લોક તેમજ પાણીના પરબની સફાઈ નિયમિત રીતે એસીડ/ફીનાઈલથી નિયમિત કરવાની રહેશે.

(૬)મહાનગરપાલિકા તરફથી જે તે સમયે આપેલ અન્ય સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૭)સદર કામે સ્વસહાય જુથને લાગુ પેનલ્ટીના દર નીચે મુજબ રહેશે.

" અમૃત મિત્ર"ની ગેરહાજરીના કિસ્સામાં : પ્રતિ વ્યકિત દીઠ મંજુર થયેલ પ્રતિ દિનની રકમ મુજબ.

(૮)<u>સ્વસહાય જુથે ભાવ લાગુ પડતા તમામ વેરા (જી.એસ.ટી.)સહિતની ઓફર આપવાની રહેશે.</u>

(૯)સદર કામગીરી માટે ઝોનના આસી. ઈજનેરશ્રી તથા હોર્ટી.સુપરવાઈઝરનો સંપર્ક કરવાનો રહેશે.

(૧૦)તકરારી બાબતે સુરત કોર્ટને આધિન સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી અધિકૃત રહેશે.

(૧૧)ઉપરોકત શરતોમાં ફેરફાર કરવાનો સર્વ હકક સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

(૧૨)સુરત મહાનગરપાલિકા ધ્વારા એકવાર મંજુર થયેલા ભાવો બાબતે ઈજારો મંજુર કર્યા બાદ પાછળથી કોઈપણ જાતના ભાવમાં ફેરફારની માંગણી માન્ય રાખવામાં આવશે નહિ.

(૧૩)સફળ સ્વસહાય જુથને કામની સોંપણી થયેથી સદર કામ અંગે રૂ.૩૦૦/– ના એક એવા ત્રણ સ્ટેમ્પ પેપર ઉપર (૧)કરારનામું (Article 5(h) Agreement (not otherwise provided for)) (૨)સ્યોરીટી (Article 32 Letter of Guarantee) (૩)અંડરટેકીગ (Article 29 Identity Bond) કરવાના રહેશે.(સ્યોરીટી આપનાર પાર્ટીના પુરાવા આધારકાર્ડ,ચૂંટણીકાર્ડ,પાનકાર્ડ કરારનામું સાથે અચૂકથી દર્શાવવાના રહેશે.)

(૧૪)સ્વસહાય જુથ ધ્વારા કામગીરી માટે રોકેલ "અમૃત મિત્ર" સ્ટાફ સમયસર ફરજના સ્થળે હાજર રહી સમયમર્યાદામાં કામ પૂર્ણ કરે તે જોવાની જવાબદારી સ્વસહાય જુથની રહેશે.સ્વસહાય જુથે રોકેલ સ્ટાફની ગેરહાજરી બાબતે કોર્પોરેશનના સુપરવાઇઝર ધ્વારા કરવામાં આવેલ નિયમ મુજબની કપાત સ્વસહાય જુથને બંધનકર્તા રહેશે.

(૧૫)સ્વસહાય જુથે રોકેલ "અમૃત મિત્ર" સ્ટાફ કોઈ ગેરવર્તણુંક કે ગેરકાયદેસર પ્રવૃતિ કરતો માલુમ પડશે તો તેવા સ્ટાફને સુપરવાઇઝરની સુચનાથી તાત્કાલિક છુટો કરવાનો રહેશે અને આ બાબતે કોઈ વિવાદ ઉભો થાય તેની જવાબદારી સ્વસહાય જુથની રહેશે.આવા સંજોગોમાં કોર્પોરેશન તરફથી સ્વસહાય જુથને કોઈ કાયદાકીય સેવાઓ કે મદદ પુરી પાડવામાં આવશે નહિ.કોર્પોરેશનને અનુકૂળ ન આવે એવા "અમૃત મિત્ર"ને તાત્કાલીક સ્વસહાય જુથે કામ ઉપરથી દૂર કરવાનાં રહેશે.

(૧૬)સ્વસહાય જુથને સોંપેલ કામગીરી માટે સ્વસહાય જુથે મ્યુ.કોર્પો. નકકી કરેલ સમય મુજબ ૦૮ કલાકની શીફટમાં કામગીરી કરાવવાની રહેશે.સ્વસહાય જુથ ધ્વારા કામગીરી માટે રોકેલ "અમૃત મિત્ર" સ્ટાફ સમયસર હાજર રહે તે જોવાની જવાબદારી સ્વસહાય જુથની રહેશે.ફરજ ઉપર મોડા આવેલ માણસોની તે દિવસની હાજરીની કપાત ગણવામાં આવશે જે સ્વસહાય જુથને બંધનકર્તા રહેશે.

(૧૭) સ્વસહાય જુથ ધ્વારા કામગીરી અંગે રોકવામાં આવેલ "અમૃત મિત્ર" સુરત મહાનગરપાલિકાના કર્મચારી ગણાશે નહી કે સુરત મહાનગરપાલિકાના ધ્વારા રોકવામાં આવેલ સ્ટાફ ગણવામાં આવશે નહિ.

(૧૮)કામગીરી દરમિયાન સ્વસહાય જુથે રોકેલ સ્ટાફને જાહેર જનતાને કોઈ પણ પ્રકારની ઈજા કે નુકશાન થાય તે અંગેની તમામ જવાબદારી સ્વસહાય જુથની રહેશે.આ અંગે વાદ–વિવાદ કે વળતરની જવાબદારી પણ સ્વસહાય જુથની રહેશે.

(૧૯)સ્વસહાય જુથે જાહેર સ્થળોએ કામગીરી કરાવવાની હોઈ જાહેર જનતાને કનડગત ન થાય તે બાબતની તકેદારી રાખી કામગીરી કરાવવાની રહેશે.

(૨૦)સ્વસહાય જુથે રોકેલ સ્ટાફને બગીચા/નર્સરીમાં કે કોઈ પણ સંજોગોમાં રહેવા માટેની છુટ આપવામાં આવશે નહિ.

(૨૧)સ્વસહાય જુથ ધ્વારા કામગીરી અંગે રોકવામાં આવેલ "અમૃત મિત્ર" સ્ટાફને સ્થળ ઉપર લાવવા જવાની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.આ માટે કોર્પો. ધ્વારા કોઈ સગવડ આપવામાં આવશે નહિ કે અલગથી કોઈ રકમ ચૂકવવામાં આવશે નહિ.

(૨૨)આ અંગે સર્વિસ ટેક્ષ કે અન્ય કોઈ પણ સરકારી કર ચૂકવવાની જવાબદારી સ્વસહાય જુથ ધ્વારા કામગીરી અંગે રોકવામાં આવેલ સ્વસહાય જુથની રહેશે.

(૨૩)સ્વસહાય જુથે કરેલ કામ અંગે શીફટ દીઠ "અમૃત મિત્ર" ની પ્રતિ દિન હાજરી મુજબ ગણતરી કરી માસિક ધોરણે બીલ રજુ કરવાનું રહેશે જે મુજબ સ્વસહાય જુથને બીલનું ચૂકવણું કરવામાં આવશે.

(૨૪)કવોટેશનમાં ભરેલ સ્વસહાય જુથો પૈકી અન્ય કોઈ પણ સ્વસહાય જુથને મંજુર થયેલ ભાવે કામ આપવામાં આવે તો બીજા કોઈસ્વસહાય જુથો વાંધો લઈ શકશે નહિ.

(૨૫)કોઈપણ કારણસર કવોટેશન રદ કરવામાં આવે તો સ્વસહાય જુથને મંજુર થયેલ ભાવે કામ આપવામાં આવે તો બીજા કોઈ સ્વસહાય જુથો વાંધો લઈ શકશે નહિ.

(૨૬)જે સ્વસહાય જુથના રેટ કોન્ટ્રાકટ મંજુર થાય તેમણે નિયમ મુજબ ભરવાની થતી સીકયુરીટી ડીપોઝિટની રકમ જાણ થયેથી દિન–૧૦(દસ)માં ભરવાની રહેશે.

(૨૭)સ્વસહાય જુથ કોઈ પણ પેટા જુથને રાખી કામગીરી કરાવી શકશે નહિ.

(૨૮)ઉપરોક્ત કોઈ પણ શરતનો ભંગ થયેથી સ્વસહાય જુથની ડીપોઝિટ જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૨૯)કવરની ઉપર કામનું નામ તથા સ્વસહાય જુથનું નામ અવશ્ય લખવું.

(૩૦)બાનાની રકમ પેટે રૂ.૨,૦૦૦/– ડિમાન્ડ ડ્રાફટ અથવા કમિશ્નરશ્રી સુ.મ.પા. નામનો ચેક કવોટેશન સાથે સામેલ કરવાનો રહેશે.

(૩૧)બીન શરતી કવોટેશન જ સ્વીકારવામાં આવશે.

(૩૨)કવોટેશન સ્વીકારવાની આખરી તારીખના કામકાજના બીજા દિવસે અનુકૂળતા હશે તો અથવા અન્ય અનુકૂળ દિવસે/સમયે કવોટેશન ખોલવામાં આવશે.

(૩૩)સુરત મહાનગરપાલિકા ધ્વારા બીલની ચૂકવણી ઓનલાઈન કરવામાં આવતી હોય,આપશ્રી પાસે સુરત મહાનગરપાલિકાનો પાર્ટી કોડ ન હોય,તો તાકીદે સુરત મહાનગરપાલિકાના હિસાબી વિભાગનો સંપર્ક કરી પાર્ટીકોડ મેળવી લેવાનો રહેશે.પાર્ટીકોડ મેળવ્યા બાદ જ બીલની ચૂકવણીની કાર્યવાહી કરવામાં આવશે.

(૩૪) કોઈ પણ ભાવો સ્વીકારવાની અથવા તમામ ભાવ દફતરે કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને રહેશે તથા તે માટે કોઈ પણ કારણો આપવામાં આવશે નહિ.

(૩૫)જે સ્વસહાય જુથનાં ભાવપત્રક મંજુર કરવામાં આવે તે સ્વસહાય જુથે અત્રેથી આપવામાં આવનાર વર્કઓર્ડરમાં જણાવેલ શરતો મુજબ કામગીરી કરવાની રહેશે,ઉપરાંત સુરત મહાનગરપાલિકાના નિયમાનુસાર સીકયુરીટી ડીપોઝિટ ભરવાની રહેશે.

(૩૬)સ્વસહાય જુથે ઉપરોકત દર્શાવેલ પરિશિષ્ટ–અમાં દર્શાવ્યા મુજબના ભાવ આપના લેટરપેડ પર **તા. ૦૨/૦૯/૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦** કલાક સુધીમાં સીલબંધ કવરમાં કવરની ઉપર વિષય લખી કાર્યપાલક ઈજનેરશ્રી,સાઉથ ઝોન–એ(ઉધના) વહીવટી ભવન,સત્યનગર સામે,ઉધના સુરતની ઓફિસે રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટ,ફકત પોસ્ટલ ઓથોરીટી ધ્વારા મોકલવાના રહેશે.

**SD/-**
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મે વાંચી છે સમજી છે.
જે તમામ મને બંધનકર્તા છે અને રહેશે.
સ્વસહાય જુથની સહી,સિકકો અને સરનામું.

તારીખઃ–
સ્થળઃ–